# મતદાર યાદી : ચૂંટણીના કામે વેકેશન દરમ્યાન રોકાયેલા પ્રાથમિક શિક્ષકોને વળતર તરીકે રજા મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

પરિપત્ર ક્રમાંક : પીઆરઈ-૧૩૮૮-૨૩૧૫-ક

સચિવાલય, ગાંધીનગર. તા. ૧૯ સપ્ટેમ્બર, ૧૯૮૮

રાજ્યમાં તા. ૧-૧-૮૮ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીઓ નવેસરથી તૈયાર કરવા માટે ચૂંટણી પંચે આપેલ કાર્યક્રમ અનુસાર તા. ૨-૫-૮૮ થી તા. ૧-૬-૮૮ સુધીમાં ઘેર ઘેર ફરી મતદારોની નોંધણી કરવામાં આવી હતી. આ કામે રોકાયેલા જિલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓના પ્રાથમિક શિક્ષકોને વેકેશન દરમ્યાન હાજર રહેવું પડ્યું હતું. આ શિક્ષકોએ નહિ ભોગવેલ વેકેશનના ગાળા માટે હક્કરજા/વળતર રજા મંજૂર કરવા સરકારમાં રજૂઆત કરવામાં આવી છે.

ગોધરા સંસદીય મત વિભાગમાં તા. ૧૯-૬-૮૮ના રોજની ચૂંટણી માટે જે શિક્ષકોને તા. ૨૬-૫-૮૮ના રોજથી વેકેશન દરમ્યાન મુખ્ય મથકે રોકવામાં આવ્યા હતા, તેમાં નહીં ભોગવેલ વેકેશનના સમય માટે હક્કરજા/વળતર રજા મંજૂર કરવા માટે પણ સરકારમાં રજૂઆત કરવામાં આવી છે.

આ બાબતે સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે મુંબઈ મુલ્કી સેવા નિયમો અન્વયે સુધારેલા રજાના નિયમોના નિયમ-૯માં વેકેશન વિભાગના કર્મચારીઓ ખાતે તેઓએ નહીં ભોગવેલ વેકેશનના સમય માટે હક્કરજા જમા કરવાની જે જોગવાઈ છે, તે મુજબ પ્રાથમિક શિક્ષકોને પણ ચૂંટણી મતદાર યાદી વગેરેના કામે વેકેશનમાં ફરજિયાત રોકવામાં આવે ત્યારે તેઓએ નહીં ભોગવેલ વેકેશનના સમય ગાળાને અનુરૂપ હક્કરજાઓ જમા કરવાની થાય, તેથી ઉપર ઉલ્લેખ કરેલ કિસ્સાઓમાં મુંબઈ મુલ્કી સેવા નિયમો અન્વયેના સુધારેલા રાજના નિયમોના નિયમ-૯ મુજબ કાર્યવાહી કરવી.

વધુમાં જણાવવાનું કે હવે પછી જ્યારે જ્યારે પ્રાથમિક શિક્ષકોની ચૂંટણી મતદાર યાદી જેવા કામે વેકેશનના સમયમાં ફરજિયાત રોકવામાં આવે ત્યારે તેઓએ નહીં ભોગવેલ વેકેશનના સમયગાળા માટે તેઓના ખાતે રજાઓ જમા કરવા માટે જે તે સમયે સુધારેલા રજાના નિયમોમાં વેકેશન વિભાગના કર્મચારીઓ માટે કરવામાં આવેલ જોગવાઈને અનુરૂપ કાર્યવાહી કરવી. આ પરિપત્ર સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૮-૮-૮૮ની નોંધથી મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**જ. મ. સુતરીયા**

સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

**viralshira.blogspot.in**